ગાંધીનગર સમાચાર



શહેરની શાળાઓમાં પ્રથમ સત્રાંત પરીક્ષાનો પ્રારંભ થઈ ગયો છે. નવરાત્રિ પર્વ પહેલા પરીક્ષાઓ યોજાઈ રહી હોવાથી વિદ્યાર્થીઓ હોંશે હોંશે પરીક્ષા આપી રહ્યા છે.

# જિલ્લામાં ૨૬મીથી પુનઃ મેલેરિયા કેસો અંગે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ આરંભાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળા અંગે બીજા તબક્કામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી આગામી ૨૬મી સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવશે.

જિલ્લામાં આ માસના પ્રારંભે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કરી અને ૪ હજારથી પણ વધુ લોહીના નમૂના એકત્રિત કરવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા આ તમામ નમૂનાઓની ચકાસણી સંપન્ન થઈ છે. જેમાંથી ૧૫ જેટલા પોઝીટીવ કેસ મેલેરિયાના મળી આવ્યા હોવાનું જાણવા મળેલ છે. વાતાવરણમાં આવેલા પલ્ટા પછી આ માસની ૨૬મી તારીખથી ૨જી ઓક્ટો. દરમ્યાન બીજા તબક્કામાં આ સર્વેલન્સ હાથ ધરવામાં આવનાર છે. આ માટેનું આયોજન તંત્ર દ્વારા આખરી કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં પ્રથમ તબક્કા દરમ્યાન ૯૮ ટકા સુધી કામગીરી થઈ હતી આ વખતે ૧૦૦ ટકાના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાના લક્ષ્યાંક સાથે આયોજન કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

**જે વિસ્તારોમાંથી કેસો મળ્યા છે તે ગામો તેમજ ડેન્ગ્યુ માટે ૫૭ જેટલા સંવેદનશીલ ગામો જણાયા છે ત્યાં સર્વેલન્સ પર વધુ ભાર મુકવા સાથે લોકજાગૃતિ પણ કરાશે**

જિલ્લો રાજ્યમાં પ્રથમવાર "સ્પ્રે ળી ડિસ્ટ્રીક્ટ" બન્યો હોઈ આ વખતે પણ સર્વેલન્સ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. કારણ કે જિલ્લા વિકાસ અધિકારી દેસાઈ જિલ્લાને મેલેરિયાયુક્ત જિલ્લો બનાવવાનો લક્ષ્યાંક રાખી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી જે છુટા છવાયા કેસો મળી આવ્યા છે તેના પર આ બીજા તબક્કાના સર્વેલન્સમાં વિશેષ ભાર મુકવામાં આવશે. આ ઉપરાંત જિલ્લાના ૫૭ જેટલા ગામો જે ડેન્ગ્યુ માટે સંવેદનશીલ માનવામાં આવી રહ્યા છે તેમાં પણ સઘન સર્વેલન્સ કરવા પર ભાર મુકવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લામાં સર્વેલન્સ દરમ્યાન આ વખતે મેલેરિયા ડેન્ગ્યુ અને ચિકનગુનિયા સામે કેવી જાગૃતિ રાખવી તેના વિશે પણ લોકોને સમજ આપવા ઉપરાંત વિશેષ આયોજનો કરવાની વિચારણા પણ ચાલી રહી હોવાનું મનાઈ રહ્યું છે.

જિલ્લામાં આ વખતે મેલેરિયાના કેસો હજુ સુધી ઓછા નોંધાયા છે તેમજ ડેન્ગ્યુના કેસો પણ અન્ય જિલ્લાઓની તુલનામાં ઓછા નોંધાવા પણ તંત્ર આ વેળાના સર્વેલન્સમાં કોઈ કચાશ રાખવાના મૂડમાં જણાતુ નથી.

## કોર્ટ બહારથી વધુ એક બાઈકની ઉઠાંતરી

### જુનિ. વકીલ પ્રેક્ટીસ માટે કોર્ટમાં ગયો ને બપોરે બહાર આવ્યો ત્યારે બાઈક ગાયબ

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર કોર્ટની બહારથી વાહનોની ચોરીની અનેક ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ગઈ કાલે વધુ એક બાઈકની ચોરી કોર્ટની બહારથી થવા પામી છે. માણસાના એક જુનિ. વકીલ ગાંધીનગર કોર્ટમાં પ્રેક્ટીસ માટે સવારે કોર્ટની બહાર બાઈક પાર્ક કરીને ગયા અને બપોરે પરત જવા બહાર નિકળ્યા ત્યા સુધીમાં તેમનુ બાઈક ગાયબ હતુ. કોઈ શખ્સો બાઈકની ઉઠાંતરી કરીને રફ્ફુચક્કર થઈ ગયા હતાં. આ મામલે જુનિ. વકીલની ફરિયાદને આધારે સે-૭ પોલીસે વાહન ચોરી અંગે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

માણસા ખાતે વાવ દરવાજા વિસ્તારમાં રહેતા બિપીનકુમાર બબાજી રાઠોડે ગાંધીનગર કોર્ટમાં પ્રેક્ટીસ શરુ કરી છે. એક સિનિ. વકીલનાં હાથ નીચે તૈયાર થઈ રહેલા આ જુનિ. વકીલે આજે કોર્ટમાં આવ્યા બાદ પોતાનુ બાઈક કોર્ટની બહાર ગેટ નં. ૧ ની સામે ઝાડીઓ પાસે ખુલ્લામાં પાર્ક કર્યુ હતુ. બપોરે લંચ સમયે બિપીનકુમાર પોતાનુ બાઈક લેવા બહાર આવ્યા તો ત્યારે તેમનુ જીજે ૧૮ એ.એસ. ૭૯૧૪ નંબરનુ પેશન પ્રો બાઈક ગાયબ થઈ ગયુ હતુ. સવારે ૧૧.૩૦ થી બપોરે ૨ વાગ્યાના સમયગાળા દરમ્યાન બાઈક ચોરી કરીને વાહનચોર ફરાર થઈ ગયો હતો. આ મામલે બિપીનકુમારની ફરિયાદ લઈને સે-૭ પોલીસ મથકનાં જમાદાર રણછોડભાઈએ ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

## શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિરનો રજત મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૨

શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર, ઘોડાસર અમદાવાદનો રજત મહોત્સવ કાર્યક્રમ આગામી તા. ૨૪ થી ૩૦મી સપ્ટેમ્બર દરમ્યાન યોજાશે.

આ રજત મહોત્સવ અંતર્ગત નગરયાત્રા, પારાયણો, ભક્તિસંગીત, ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો, અન્નકૂટ, સપ્તરંગી નૃત્ય નાટિકા વગેરે જેવા કાર્યક્રમો યોજવામાં આવશે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ભાવિકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શહેરની હોસ્પિટલમાં સર્પદંશ અંગે પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

આપણા રૂઢીચૂસ્ત સમાજમાં સર્પદંશને લઈ અનેક માન્યતાઓ રહેલી છે. જેમાં સાપે દંશ દીધા બાદ તે સ્થળે નાગરીકો તેમજ પરિવારજનો દ્વારા કપડુ બાંધી દેતા હોય છે. ત્યારે સર્પ દંશ સમયે આવુ ઓ.પી.ડી. વિભાગના ચોથા માળે આવેલ કોન્ફરન્સ રૂમમાં આજે બપોરના સુમારે સર્પદંશ તેમજ ધનુર આવે તો શું કરવું તે વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હોસ્પિટલના ડૉ. દિનકર ગોસ્વામીએ જણાવ્યું હતું કે સારવારથી દર્દી ઝડપથી સાજો થઈ જાય છે. જ્યારે દર્દીને વાઈપરમાં બ્લીડીંગ થતુ હોય છે તેમજ કોબ્રા દંશ દેતો દર્દીના જ્ઞાનતંતુ પર અસર થાય છે. શ્વાસમાં તકલીફ થાય. શરીરમાં હાવભાવ પણ બદલાઈ જાય છે. આવી સ્થિતિમાં તાત્કાલિક પહોંચી હોય ત્યારે રસી ના લીધી હોય તો દર્દી માટે ઘાતક નીવડે છે. ધનુરની રસી લીધી હોય તો આ સમયે ચિંતા ઓછી રહે છે. ધનુરની રસીના કારણે ૪૦ ટકા લોકોના મૃત્યુ થાય છે. ત્યારે નિયમ મુજબ રસી લેવાનો આગ્રહ રાખ્યો હતો. આ સેમીનારમાં





ન કરવુ જોઈએ. અને શું શું કરવું જોઈએ તે વિષય પર હોસ્પિટલના સિનિયર ડૉ. દિનકર ગોસ્વામીએ પરિસંવાદમાં હાજર સૌ કોઈને રસપ્રદ માહિતી પુરી પાડી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સાપ કરડ્યા બાદ દર્દીએ દોડવુ જોઈએ નહી. દોડવાથી તેના શરીરમાં ઝડપથી ઝેરનું પરિભ્રમણ થાય છે. ત્યાર બાદ સર્પદંશ બાદ કયા પ્રકારના દર્દી લક્ષણો ધરાવે છે તે પ્રકારના ઈન્જેકશન તેમજ દર્દીને વેન્ટીલેટર પર ન મુકવુ જોઈએ. જરૂર જણાય ત્યારે વેન્ટીલેટર પર રાખવામાં આવે છે. તેમજ ધનુર અંગે તેઓએ જણાવ્યું હતું કે ધનુરના ઈંજેક્શન ના લીધા હોય તેને ઘા થયો હોય અકસ્માતમાં ગંભીર ઈજા આઈ.એમ.એ.ના પ્રમુખ ડૉ. અનિલ ચૌહાણ, આર.એમ.ઓ. ડૉ. કલ્પેશ શાહ, ડૉ. રાજેન્દ્ર ચૌહાણ, પ્રોફેસરો, મેડીકલ ઓફિસરો, નર્સિંગ ટીમ સહિતના સભ્યો કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે ઐતિહાસિક ફોટોગ્રાફી પ્રદર્શનનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે એશિયા પેસીફીક



ઈન્સ્ટીટ્યુટ, અમેરિકન જેવીસ કમીટી, સીમોન વાઈસ સેન્થલ સેન્ટર લોસ એન્જલેસ કેલીફોર્નિયા તથા ભારત સ્થિત ઈઝરાયેલ એલચી કચેરીના સહયોગથી "ધ કરેજ ઓફ રીમેમ્બર : સર્વનાશ ૧૯૩૩ - ૧૯૪૫"નું પ્રદર્શન યોજવામાં આવ્યું છે.

રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ આ પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે બીજા વિશ્વયુદ્ધમાં થયેલા માનવીઓના સર્વાનાશની ઈમોશનલ અને ઐતિહાસિક તસવીરો આજના યુવાધનને જોવાની તક સાંપડી છે. ગુજરાત અને ભારતના અનેક સ્થળોએ આ પ્રદર્શન દ્વારા ભાઈચારાની અને લાગણીશીલતાની ભાવનાથી અહિંસાના સંદેશનો વધુ પ્રચાર-પ્રસાર થશે. રાજયપાલશ્રીએ જણાવ્યું હતુ કે બે મીલીયન મુલાકાતીઓએ ૭૫ સ્થળો અને ૧૬ દેશોના નાગરિકોએ આ ઐતિહાસિક તસવીરો સાથેના સર્વનાશ પરદર્શનનો લાભ લીધો છે. ૧૯૩૩-૧૯૪૫ દરમ્યાન યુદ્ધમાં ૧૧ મીલીયન લોકોએ જાન ગુમાવ્યા હતા.

માનવ જાત માટે ખતરારૂપ આતંકવાદ-ત્રાસવાદ અને ક્રાઈમ તથા ભૂતકાળના યુદ્ધના બનાવો જોઈને આજના યુવાધને ઘણું શીખવાનું છે. તે બાબતે ભારત સ્થિત ઈઝરાયલ કાઉન્સેલ જનરલ ડેવીડ એકોવ, યુનિવર્સિટીના ડીરેક્ટર પ્રો. ડૉ. બીમલ એન. પટેલ સહિત અનેક મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે ૨૦૦થી વધુ અલભ્ય અને ઐતિહાસિક તસવીર અને લેખિત દસ્તાવેજોનું આ પ્રદર્શન રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ રસપૂર્વક નિહાળ્યુ હતુ. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં નેશનલ લો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પ્રદર્શન નિહાળ્યું હતું.

## ડિઝાસ્ટર મેનેજમેન્ટ એ સ્માર્ટ સિટીની પ્રાથમિકતા હોવી જોઈએ

### વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે 'સ્માર્ટ સીટી' અંતર્ગત ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમનો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૨

ચાંદખેડાની વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ ખાતે ઈન્સ્ટિટયુશન ઓફ એન્જિનીયર્સ ઓફ ઈન્ડિયાના સંયુકત ઉપક્રમે યોજાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં સો સ્માર્ટસીટી તૈયાર કરવાનું બીડું ઝડપવામાં આવ્યું છે. જે અંતર્ગત પહેલા તબક્કાની સ્માર્ટ સીટીમાં કે વીજીઈસીના આચાર્યા તથા જીટીયુના ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર ડૉ. રાજુલ ગજ્જર, એલએન્ડટીના શૈલેષભાઈ પટેલ, આઈઈઆઈના ચેરમેન એસ.જે. દેસાઈ અને



'સ્માર્ટ સીટી' અંતર્ગત ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમનો સેમિનાર યોજાયો હતો. આ એક દિવસીય સેમિનારમાં વિવિધ તજજ્ઞોએ વકતવ્યો રજૂ કર્યા હતા. તજજ્ઞોએ સ્માર્ટ સીટી માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટને પ્રાથમિકતા આપવી અગત્યનું પગલું ગણાવ્યું હતું.

વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ ખાતે વિદ્યાર્થીઓના નિયત અભ્યાસક્રમ સાથે ટેકનિકલ ઘટના, રકતદાન કેમ્પ, રમતો અને વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં સ્માર્ટસીટી અંતર્ગત ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમનો સેમિનાર અમદાવાદ તથા ગાંધીનગરનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના અનુસંધાને વીજીઈસી દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટની વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ વિદ્યાશાખાના તજજ્ઞો જેવા આરએન્ડબીના ચીફ એન્જિનીયર એસ.કે. પટેલ દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિષયે તાલીમી વકતવ્ય આપવામાં આવ્યા હતા. આ સેમિનારમાં કોલેજના ૧૭૫ વિદ્યાર્થીઓ તથા ૩૦ કર્મચારીગણે ભાગ લીધો હતો.

## પાટીદારોએ પોલીસને બપોર સુધી ફિલ્ડીંગ ભરાવી

### સ્વાભિમાન યાત્રા ન નિકળે તે માટે બપોર સુધી શહેરભરમાં પોલીસનુ ચેકિંગ રહ્યુ

ગાંધીનગર, તા. ૨૨

વિજાપુરથી પાટીદાર સ્વાભિમાન યાત્રા તંત્રની મંજુરી ન હોવા છતા નિકાળવામાં આવી હતી. મહેસાણા પોલીસે ત્યાથી જ પાટીદારોને ડીટેઈન કરવાનુ શરુ કરી દીધુ હતુ પરંતુ પાટીદારો આજે વહેલી સવારે ગાંધીનગર પહોંચી જાય તેવો પ્લાન ઘડાયો હોવાના ઈનપુટ આધારે ગાંધીનગર પોલીસે યાત્રા ન નિકળે તે માટે બપોર સુધી ફિલ્ડીંગ ભરી હતી. જો કે અંતે કોઈ ન આવતા બપોરે ત્રણ વાગ્યા બાદ બંદોબસ્ત વિડ્રો કર્યો હતો. સવારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પાટીદારો આવી પહોંચ્યા હોવાનાં મેસેજ મળતા જ એલ.સી.બી ની એક ટીમ હોસ્પિટલમાં પણ ચેકિંગ માટે મોકલી દેવાઈ હતી. બપોર સુધી આ ટીમ હોસ્પિટલમાં જ સ્ટેન્ડ ટુ રહી હતી.

## સિવિલ હોસ્પિટલ પાછળથી દારૂ-બિયર સાથે ત્રણ પકડાયા

### ૨૪ બોટલ દારુ અને ૫ બિયરના ટીન સહિત રુ. ૩.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પાછળ પી.એમ રુમ સામે વિદેશી દારુ સાથે બે શખ્સો ઉભા હોવાની બાતમીને આધારે સે- ૭ પોલીસ મથકના ડીસ્ટાફ પી.એસ.આઈ એમ.પી.ચૌહાણ તથા ટીમે ગઈ સાંજે દરોડો પાડી બે શખ્સોને પકડી પાડ્યા હતા. તે જ્યાથી માલ લાવ્યા હતા તેને પણ સે-૨૧ પેટ્રોલ પંપ નજીકથી પકડી લેવાયો હતો. ટીમે કલોલનાં ધર્મેન્દ્ર બાબુ ચાવડા, અશોક ભરત રાણા અને સે-૨૯ ચ-ટાઈપમાં રહેતા કિશન દામોદર રાઠોડ ત્રણેયની રુ.૯૬૦૦ની કિંમતની વિદેશી દારુની ૨૪ બોટલ અને પાંચ બિયરનાં ટીન ઉપરાંત એક રિક્ષા, એક ગાડી અને ત્રણ મોબાઈલો મળી કુલ રુ. ૩,૭૨,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ધરપકડ કરી લેવામાં આવી છે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગાંધીનગર દ્વારા વડાપ્રધાનને 'અસ્પૃશ્યતા-જાતિ મુકત ભારત' બનાવવા રજુઆત

ગાંધીનગર, તા.૨૨

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની બેઠક તાજેતરમાં સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પી. પરમારના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં દલિત હત્યાકાંડ/અત્યાચાર જેવા અમાનવીય બનાવો નિવારવા અસ્પૃશ્યતા/જાતિ મુકત ભારત જેવા લાંબા ગાળાના મિશનનું આયોજન કરવા ભારતના વડાપ્રધાન અને રાજયના મુખ્યમંત્રીને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી છે. આ બેઠકમાં સંસ્થાના હોદ્દેદારોને ગાંધીજીના જન્મદિને તેમજ બાબા સાહેબ આંબેડકરના જન્મદિન નિમિત્તે 'અસ્પૃશ્યતા નાબુદી' અને 'રન ફોર ઈકવાલીટી' સપ્તાહ તરીકે ઉજવવા આયોજન કરવાનું જણાવ્યું હતું.

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં બેઠકના પ્રારંભે સંસ્થાના પૂર્વ કાર્યકારી પ્રમુખ ડૉ. જગદીપ વાઘેલા તથા અખિલ ભારત દલિત પેન્શનરના પ્રેસીડન્ટ ડૉ. રમેશચંદ્ર પરમારના અવસાન બદલ શોક વ્યકત કરી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ રાજયમાં અવારનવાર દલિત અત્યાચારના બનાવો બને છે ત્યારે ટુંકા ગાળાના પગલાથી આવા બનાવો દાબી દેવામાં આવે છે. માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ ભારતભરમાં અમાનવીય હત્યાકાંડ, અત્યાચાર સહિતના બનાવો સરકારની દષ્ટિએ સામાન્ય ગણાતા હોય એમ દેખાય છે. ઉના દલિત અત્યાચારે દેશને જ નહી પરંતુ વિશ્વની સીવીલ સોસાયટીને હચમચાવી દીધી છે ત્યારે જનતાની લાગણી અને માંગણીને ધ્યાને લઈ ભારત સરકાર તથા રાજય સરકારોએ આવા બનાવોનું મુળ જાતિ પ્રથા તથા અસપૃશ્યતાને જડમૂળથી નાબુદ કરવા જનતાના માનસમાંથી પરિવર્તન લાવવા ડૉ. આંબેડકરની શહેરીકરણ તથા મહાત્મા ગાંધીની હૃદય પરિવર્તન વિચારધારાનો સમન્વય કરી 'અસ્પૃશ્યતા જાતિ મુકત ભારત' જેવા લાંબાગાળાના મિશનનું આયોજન કરવા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ રાજયના મુખ્યપ્રધાન વિજય રૂપાણીને આવેદનપત્ર મોકલવામાં આવ્યું છે. આ પ્રસંગે સંસ્થા દ્વારા સૌ સભ્યોને સુચન કરવામાં આવ્યું છે કે ડૉ. આંબેડકરના જન્મદિને 'જાતિમુકત' ભારત તથા ગાંધીજીના જન્મદિને 'અસ્પૃશ્યતા નાબુદી' સપ્તાહ ઉજવવા આયોજન દર વર્ષે કરવું તેમજ ડૉ. બાબા સાહેબ આંબેડકરના જન્મદિને 'રન ફોર ઈકવાલીટી'નું આયોજન, યુનિવર્સિટીઝ તથા કોલેજોમાં 'ઈકવાલીટી ડે' તરીકે ઉજવવાનું આયોજન કરવું, સ્વચ્છતા મિશનમાં ગંદા વ્યવસાયોની યાંત્રીકરણથી નાબુદી, અપર પ્રાયમરી શિક્ષણની ટેકસબુકમાં જાતિપ્રથા રાષ્ટ્રને થતા ગેરલાભો અંગેનો સમાવેશ કરવો તથા યાંત્રિકરણથી બેકાર બનતા કારીગરોને અન્ય વ્યવસાયમાં રોજગારી આપવાની વ્યવસ્થા કરવા રજુઆત કરવામાં આવી છે. ત્યારબાદ આગામી સમયમાં યોજાનાર સ્નેહમિલન સમારોહના આયોજન માટે કમિટી નીમવામાં આવી છે.

## હવેલી મંદિર સે-૨૧ ખાતે રવિવારે વચનામૃત

ગાંધીનગર, તા.૨૨

હવેલી મંદિર સે-૨૧ ખાતે તા. ૨૫મી સપ્ટેમ્બરના રોજ સાંજે સવા પાંચ વાગે પૂ.પાદ ૧૦૮ શ્રી કુંજેશબાવાના લાલન સાનિધ્ય બાવાના 'વચનામૃત' કાર્યક્રમનું દાનના દિવસોને અનુલક્ષીને આયોજન કરવામાં આવ્યું છે તો સર્વે વૈષ્ણવોને લાભ લેવા માનદ મંત્રી રમણલાલ ગાંધીએ જણાવ્યું છે.

**નામ બદલેલ છે**

મારું જુનું નામ શનિકુમાર મહેન્દ્રકુમાર મકવાણા હતું તે બદલીને વ્યોમ મહેન્દ્રકુમાર સિદ્ધપુરા રાખેલ છે

સરનામું : પ્લોટ નં. ૩૯૮/૧, સેક્ટર-૨/બી, ગાંધીનગર

મો. ૭૫૭૪૮૧૯૬૯૩

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા નં.૪ સને ૨૦૧૬-૧૭**

**(માર્ગ અને મકાન વિભાગ)**

**ગુજરાત સરકાર**

**(ફક્ત વિદ્યુત ઈજારદારશ્રીઓ માટે)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવેલ કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૨, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬, ગાંધીનગર દ્વારા વિજળીકરણને લગતા ૦૪ કામોની અંદાજીત કિંમત રૂ. ૧,૪૦,૮૯૫.૦૦ થી રૂ. ૨,૯૭,૯૭૦.૨૦ સુધી છે. જેના ઓનલાઈન ભાવો ઠેકેદારો પાસેથી માંગવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજો વેબસાઈટ https://rnb.nprocure.com ઉપર તા. ૨૮/૯/૨૦૧૬ ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ તેમજ અપલોડ કરી શકાશે. વધારાની માહિતી ઓનલાઈન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૧૬૦૨/૧૬-૧૭

**જાહેર નિવિદા - સને ૨૦૧૬-૧૭**

ઉદ્યોગ ભવન સંકુલ ખાતે બ્લોક નંબર ૧૮ના ટેરેસ ઉપર ગુજરાતી તથા અંગ્રેજી અક્ષરોમાં 'ઉદ્યોગ ભવન' "UDHYOG BHVAN" માં નવું સાઈનેજ બોર્ડ અદ્યતન LED લાઈટીંગવાળું લગાડવાનું હોઈ આવા પ્રકારની કામગીરીમાં રસ ધરાવતી એજન્સીઓએ પોતાના દ્વારા આવા પ્રકારનું અગાઉ કરવામાં આવેલ કામગીરીની વિગત સાથે તા. ૨૩/૯/૨૦૧૬થી ૩૦/૯/૨૦૧૬ સુધીમાં રૂબરૂ સ્થળ ચકાસણી સારૂ ગુજરાત ઉદ્યોગ ભવન સોસા.ટી, બ્લોક નં.૧૯, ગ્રાઉન્ડ ફ્લોર, ઉદ્યોગ ભવન, ગાંધીનગરનો સંપર્ક સાધવા અને રૂબરૂમાં સ્થળ નિરિક્ષણ કરી જરૂરિયાત મુજબની સમગ્ર વિગત સમજીને યોગ્ય જણાય તો રૂ. ૫૦૦ રોકડા ભરીને ટેન્ડર મેળવી લેવા તથા તા. ૭/૧૦/૨૦૧૬ સુધીમાં સ્પીડ પોસ્ટ અથવા રજી.પો.એ.ડી. મારફત બંધ કવરમાં ભાવપત્રક મોકલી આપવા જણાવવામાં આવે છે.

સહી/-
સભ્ય સચિવ
ગુજરાત ઉદ્યોગ ભવન સોસાયટી,
ગાંધીનગર

માહિતી/૧૫૯૯/૧૬-૧૭